# રાજ્યમાં ફરીથી વરસાદી માહોલ જામવાની આગાહી

## ગુજરાતમાં હજુ પણ વરસાદી માહોલ યથાવત : બુધવારથી વાતાવરણમાં પલટો આવી શકે છે અને ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં હજુ પણ વરસાદી માહોલ યથાવત છે. રાજ્યના અનેક વિસ્તારોમાં હજુ પણ વરસાદ પડી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ફરીથી વરસાદી માહોલ જામશે એવા સંકેત હવામાન વિભાગે આપ્યા છે. જેથી આવતીકાલ બુધવારથી રાજ્યના વાતાવરણમાં પલટો આવી શકે છે અને ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે. આ સિવાય હવામાન વિભાગે એવા પણ સંકેતો વ્યક્ત કર્યા છે કે, અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાં ભારેથી હળવો વરસાદ પડી શકે છે. સાથે જ ગુરુવારથી નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. જેથી ફરી એકવાર રાજ્યમાં વરસાદી માહોલ જામી શકે છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હવામાન વિભાગે ફરીથી રાજ્યમાં વરસાદને લઈને મહત્વના સંકેતો આપ્યા છે. રાજ્યમાં આવતીકાલ બુધવારથી વાતાવરણમાં પલટો આવી શકે છે. જે બાદ રાજ્યના અનેક વિસ્તારોમાં આવતીકાલથી વરસાદી માહોલ જામશે અને ભારેથી હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૭ સપ્ટેમ્બરના રોજ એક સરક્યુલેશન સક્રિય થશે. ૮મી સપ્ટેમ્બરના રોજ લો પ્રેશર સક્રિય થશે અને રાજ્યના વાતાવરણમાં પલટો આવશે. જે બાદ રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી હળવો વરસાદ પડી શકે છે. આ સિવાય બુધવારે દમણ, દાદરાનગર હવેલી, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને બોટાદમાં હળવો વરસાદ પડી શકે છે. આ સિવાય ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તો ગુરુવારે તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. તો અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ખેડા, મહિસાગર, પંચમહાલ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં હળવાથી મધ્યમ વરસાદ પડે એવી શક્યતાઓ રહેલી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, શુક્રવારે નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ખેડા, મહિસાગર, પંચમહાલ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ જોવા મળી શકે છે. મહત્વનુ છે કે, હાલ ભાદરવો મહિનો ચાલી રહ્યો છે. ત્યારે વરસાદની વકી રહેલી હોય છે. જેથી આગામી ત્રણ દિવસ માટે રાજ્યમાં વરસાદી માહોલ જામી શકે છે.

# સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૭.૦૮ મીટર થઈ

## નર્મદા ડેમની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટરથી માત્ર ૧.૦૬ મીટર જ મહત્તમ સપાટીથી દૂર : ૧૨૦૦ મેગાવોટનું રીવરબેડ પાવરહાઉસ સતત ૨૪ કલાક ચાલી રહ્યું છે

કેવડિયા,તા.૬

આજે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ફરી વધારો થયો છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૭.૮ મીટર થઈ ગઈ છે. નર્મદા ડેમમાં ૯૬,૮૬૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. નર્મદા નદીમાંથી ૬૫,૩૧૪ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. આ સાથે નર્મદા ડેમના બે દરવાજા ૦.૩૫ સેમી ખોલીને ૧૦,૦૦૦ ક્યુસેક છોડવામાં આવી રહ્યુ છે. નોંધનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. તેમજ ૧૨૦૦ મેગાવોટનું રીવરબેડ પાવરહાઉસ સતત ૨૪ કલાક ચાલી રહ્યું છે. જેમાંથી રોજનું વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. નોંધનીય છે કે, બે વર્ષે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૭ મીટર પાર કરી ગઈ છે. જેના કારણે નર્મદા ડેમમાં પાણીનો કુલ સ્ટોરેજ જથ્થો ૫૨૩૪.૧૦ મિલિયન ક્યુબિક મીટર થઈ ગયો છે. હવે માત્ર ૧.૦૬ મીટર જ ડેમની મહત્તમ સપાટીથી દૂર છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં ઉપરવાસમાં આ વખતે ખૂબ સારો વરસાદ પડતો હતો. જેના કારણે નર્મદા ડેમના દરવાજા ખોલીને સતત પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યારે હવે સરદાર સરોવર નર્મદા ડેમ પર પાણીની આવક થઈ રહી છે. ત્યારે ડેમની જળ સપાટી સિઝનમાં પ્રથમ વખત ૧૩૭.૦૮ મીટર થઈ ગઈ છે. હાલ મંત્રીઓની નર્મદામાં વધતી વિઝીટ અને તૈયારીઓ ભાગ રૂપે આગામી ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દીને પ્રધાનમંત્રી મોદી કેવડિયા આવવાની શક્યતા છે.

# સે.૫/૬ના કટ પાસે બિસ્માર માર્ગ સાથે ગંદકીનો માહોલ



ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક સમયથી બિસ્માર માર્ગો અંગેની ફરિયાદો ઉઠવા પામી રહી છે. શહેરના સેક્ટર-૬માં સે.૫/૬ના કટ પાસેના માર્ગે એક તરફનો રોડ જ 'ખવાઈ' ગયો છે. વળી, આ સ્થળે મસમોટા ખાડાં, જંગલી ઝાડીઓ અને અઢળક ગંદકીના ઢગ ખડકાયાં છે જેના કારણે વાહનચાલકો જ નહીં પરંતુ રાહદારીઓ માટે પણ અહીંથી પસાર થવું દુષ્કર બન્યું છે. અહીં સતત અકસ્માતનો ભય રહે છે જેના કારણે આ વિસ્તારના સિનિયર સિટિઝન્સ માટે મોર્નિંગ કે ઈવનીંગ વોક લેવી પણ જોખમી બની રહી છે. સત્વરે આ સ્થળે ખાડા પુરી, સફાઈ કરાય તેમજ બિસ્માર માર્ગનું યોગ્ય સમારકામ થાય તે જરૂરી બન્યું છે.

## ઢોર પકડવા ગયેલી ટીમ પર

# હુમલા કરનાર સામે પાસા કરો: હાઈકોર્ટ

## બીજી તરફ ચૂંટણી પહેલા માલધારી સમાજ આ મામલે સરકારને ઘેરવાની તૈયારીમાં, આઠ તારીખે માલધારી સમાજની પંચાયત મળશે

અમદાવાદ, તા.૬

ગુજરાત રાજ્યમાં રખડતા ઢોરનો મુદ્દો દિવસેને દિવસે ખૂબ ગરમાઈ રહ્યો છે. હાઈકોર્ટની ટકોર બાદ ગુજરાત સરકારે રખડતા ઢોરને પકડવા કડક કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, આ દરમિયાન રાજ્યના ઘણા વિસ્તારોમાં ઢોરને પકડવા ગયેલી ટીમ પર હુમલા કરવામાં આવ્યા હતા. હવે આ મામલે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે. હાઈકોર્ટે કહ્યું કે, ઢોર પકડવા જતી ટીમ પર હુમલો કરનાર સામે પાસા હેઠળ કાર્યવાહી કરો.

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રસ્તા પર રખડતા ઢોરની ત્રાસની સ્થિતિ યથાવત્ રહેતાં ગુજરાત હાઈકોર્ટે આજે ફરી એકવાર રાજય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ તંત્ર સહિતના સત્તાવાળાઓને જોરદાર ફટકાર લગાવી હતી અને મહત્વના નિર્દેશો જારી કર્યા હતા. અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરફથી રજૂ કરાયેલા મહત્વના સોગંદનામામાં જણાવાયુ હતું કે, હવેથી ઢોર પાર્ટી પર હુમલો કરનાર તત્વો વિરૂધ્ધ સીધી પાસા હેઠળ કાર્યવાહી કરાશે અને સાથે સાથે આઈપીસીની કલમ-૩૩૮,૩૩૨,૧૮૮ અને ૧૮૯ હેઠળ પણ કાર્યવાહી થશે. હાઈકોર્ટે આ સોગંદનામાને રેકર્ડ પર લઈ રાજયના પોલીસ વડાને બહુ મહત્વનો નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે, રખડતા ઢોરના ત્રાસના નિવારણના ભાગરૂપે ઢોર પાર્ટી પર હુમલો કરનાર તત્વો વિરૂધ્ધ પાસા સહિતની કાર્યવાહી કરવા સહિતના નિર્દેશો જારી કરો. આ માટે તમામ જિલ્લા પોલીસ વડા સહિતના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી કાર્યવાહી કરો.

હાઈકોર્ટે સરકારને રખડતા ઢોર માટે સખત પગલાં લેવાની સૂચના આપવામાં આવી છે તો બીજી તરફ ચૂંટણી પહેલા માલધારી સમાજ આ મામલે સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યો છે. આ માટે તા. ૦૮-૦૯-૨૦૨૨ ગુરૂવારના રોજ માલધારી સમાજની પંચાયત મળશે.

ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજીભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, છેલ્લા ઘણા મહિનાથી માલધારી પંચાયત ગુજરાત સરકાર સામે ગાયો અને ગોવાળનાં કાળા કાયદા સામે તેમજ વિવિધ પ્રશ્નો અંગે લડત ચલાવી રહ્યા છે છતાંય ગુજરાત સરકારનું પેટનું પાણી પણ નથી હાલતું. હવે માલધારી સમાજ લડી લેવાના મૂડમાં છે આગામી ટૂંક સમયમાં ગુજરાત વિધાનસભાનું સત્ર મળી રહ્યું છે તેની સામે રણનીતિ નક્કી કરવા એક અગત્યની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટિંગમાં માલધારી સમાજના સંતો, મહંતો, ભુવાજીઓ, રાજકીય આગેવાનો, સામાજીક આગેવાનો, સામાજીક સંગઠનો તેમજ માલધારી સમાજના ભાઈઓ બહેનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આમ, ઢોર અંકુશ નિયંત્રણ કાયદો રદ થાય તેમજ ગાયો અને ગોવાળોની સમસ્યા અંગે માલધારી સમાજ ગુજરાત વિધાનસભા સત્રમાં ગાંધીનગરના ગાદીવાળાઓને હચમચાવી મુકશે.

## ટેમ્પો ટ્રાવેલર ડમ્પર પાછળ ઘૂસી જતા અકસ્માત

# લીંબડી-અમદાવાદ હાઈવે પર અકસ્માતમાં ત્રણનાં મોત

## રાજ્યમાં વધુ એક અકસ્માતે ત્રણ લોકોનો ભોગ લીધો છે, અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે

અમદાવાદ,તા.૬

રાજ્યમાં વધુ એક અકસ્માતે ત્રણ લોકોનો ભોગ લીધો છે. અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ બનાવ લીંબડી-અમદાવાદ હાઈવે પર બન્યો છે. મળતી માહિતી પ્રમાણે કાનપરા પાટીયા પાસે રાત્રે અકસ્માત સર્જાયો છે. જેમાં એક ટેમ્પ ટ્રાવેલર એક ડમ્પર પાછળ ઘૂસી ગયું હતું. આ બનાવમાં ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે એક વ્યક્તિને ગંભીર રીતે ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધારે તપાસ આદરી છે. અકસ્માત અંગેની જે તસવીરો સામે આવી છે તે ખરેખર ડરાવનારી છે. ટેમ્પો ટ્રાવેલરમાં સવાર ત્રણેય વ્યક્તિનાં સીટ પર જ મોત નીપજ્યા હતા. બીજી તરફ ટેમ્પો ટ્રાવેલરના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. બીજા એક બનાવમાં અરવલ્લીમાં માલપુરનગરમાં સ્ટેટ હાઈવે પર બાઈક ચાલકનું મોત થયું છે. યુવક બાઈક લઈને અંબાજી જવા માટે નીકળ્યો હતો. આ દરમિયાન બસ સ્ટેન્ડ પાસે યુવકના બાઈકનું એન્જિન લોક થઈ ગયું હતું, જે બાદમાં યુવક નીચે પટકાયો હતો. આ બનાવમાં અન્ય એક યુવક પણ ઈજાગ્રસ્ત થયો હતો. બનાવ બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવકની લાશને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી હતી. પ્રાથમિક તપાસમાં યુવક દાહોદ જિલ્લાનો વતનો હોવાની વાત સામે આવી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૧૦ થી ૧૩ વર્ષના બાળકો માટે ગરબા તાલીમ કાર્યશાળા

તારીખ: ૧૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન ૧૦ થી ૧૩ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગરબા તાલીમ કાર્યશાળાનું આયોજન કર્યુ છે. આ કાર્યશાળા દરરોજ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઓપન હોલમાં યોજાશે. જેમાં ગુજરાતની જાણીતી સંસ્થા પનઘટ કલા કેન્દ્રના ખ્યાત કલાકારો ઉપસ્થિત રહી ગરબાની તાલીમ આપશે. આ કાર્યશાળાની રજિસ્ટ્રેશન ફી રૂૈં. ૧૦૦/- છે. આપ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેક્ટર-૨૦ ખાતે રૂબરું આવીને રજીસ્ટ્રેશન કરાવી શકશો. વધુ જાણકારી માટે ડૉ. ભૈરવીબેન દીક્ષિત – ૮૧૨૮૯૮૪૨૨૮ અને ડૉ. જયભાઈ ઓઝા – ૯૮૯૮૦૪૬૪૮૮નો આપ સંપર્ક કરી શકશો.




ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવાની માંગ સાથે ધર્મરક્ષા રાષ્ટ્રીય એકતા ફોજ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે સરકાર સમક્ષ વિવિધ રજૂઆતો કરવામાં આવી છે.

# ઝાયડસ હોસ્પિટલ દ્વારા સ્ટ્રોક તથા બ્રેઈન હેમરેજ અંગે સિમ્યુલેશન વર્કશોપનું આયોજન



માનવ મગજ એક જટિલ અંગ છે, હજુ સુધી તેને સંપૂર્ણ રીતે સમજી શકાય તેમ નથી. ન્યુરોલોજિકલ ડિસઓર્ડર એ ભારત સહિત વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્યની મુખ્ય ચિંતા બની ગઈ છે. તબીબી કટોકટી આપણા દરવાજા ખખડાવતી નથી, તે આપણને આશ્ચર્યચકિત કરે છે. મગજ સંબંધિત કટોકટી જેવી કે સ્ટ્રોક અને ઈન્ટ્રાસેરેબ્રલ એન્યુરિઝમ્સ (મગજની રક્ત વાહિનીની દીવાલ નબળી પડવી) જીવન માટે જોખમી છે, પરંતુ સમયસર સારવાર કરવામાં આવે તો જીવન સામાન્ય બની શકે છે.

તબીબી કટોકટીના પ્રથમ કિસ્સામાં આપણે કોની પાસે પહોંચીએ છીએ?

જ્યારે અમે અમારી તબીબી સ્થિતિના તેમના મૂલ્યાંકન પર આધાર રાખીએ છીએ, ત્યારે ઈન્ટરવેન્શન ન્યુરોલોજી (ન્યૂનમલી એક્સેસ ન્યુરો સર્જરી અથવા એન્ડોવાસ્ક્યુલર ન્યુરોસર્જરી) માં તકનીકી પ્રગતિ સાથે તેમને નજીકમાં રાખવું મહત્વપૂર્ણ છે. ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી ૮૦ થી વધુ ડોકટરોએ હાજરી આપી હતી. ડો. કલ્પેશ શાહ (સિનીયર. એન્ડોવાસ્ક્યુલર ન્યુરોસર્જન) એ સહભાગીઓને સંબોધતા જણાવ્યું હતું કે "આ સમય છે કે આપણે એવા લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે સહયોગ કરીએ કે જેઓ આપણા પર વિશ્વાસ કરે છે, આધુનિક એન્ડોવાસ્ક્યુલર ન્યુરો સર્જરીમાં ટેકનોલોજીકલ એડવાન્સિસને સમજીને અને સમયે અચાનક અને ગહન નિર્ણયો લઈએ. જરૂરિયાત સંભવિત જોખમને ઉલટાવી શકે છે. અમારા પેરિફેરલ ડૉક્ટર મિત્રોને માર્ગદર્શક પ્રકાશ બનવા માટે સશક્ત કરવા માટે આ કાર્યક્રમને આગામી તબક્કામાં પેરિફેરલ શહેરોમાં લઈ જવામાં આવશે.'' ડો. યજ્ઞેશ સાયજા (એન્ડોવાસ્ક્યુલર ન્યુરોસર્જન) સમજાવે છે "એવીએમ (આર્ટેરિયોવેનસ માલફોર્મેશન) એ અન્ય એક સામાન્ય મગજની વેસ્ક્યુલર બિમારી છે જે આપણા મગજની ધમનીઓ અને નસોને જોડતી રક્તવાહિનીઓનું અસામાન્ય ગૂંચવણ તરફ દોરી જાય છે જે સામાન્ય રક્ત પ્રવાહ અને ઓક્સિજન પરિભ્રમણને અવરોધે છે. ધમનીઓ હૃદયથી મગજ સુધી ઓક્સિજન-સમૃદ્ધ રક્ત લેવા માટે જવાબદાર છે, કોઈપણ વિક્ષેપ અથવા વાહિની લીક રક્ત કોશિકાઓના વિનાશ તરફ દોરી શકે છે જે ગંભીર કારણ બની શકે છે. આજે આપણી પાસે એન્ડોવાસ્ક્યુલર એમ્બોલાઈઝેશન નામની આ સ્થિતિ માટે ન્યૂનતમ આક્રમક સર્જરી કરવા માટે ટેકનોલોજી અને કૌશલ્ય ઉપલબ્ધ છે.

### મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિકસાવવામાં આવી છે.બીબીવી-૧૫૪ નેઝલ વેક્સિન પ્રથમ અને બીજા ક્લિનિકલ ટ્રાયલમાં સફળ થઈ હતી અને આઝાદીની ૭૫મી વર્ષગાંઠના પાવન પર્વ પર ત્રીજા ટ્રાયલમાં પણ સફળ થઈ હતી. દેશમાં જે લોકો અગાઉ પ્રથમ અને બીજી રસી મેળવી ચૂક્યા હતા, તેમાં ત્રીજા અથવા બૂસ્ટર ડોઝ તરીકે આ ત્રીજા ટ્રાયલ પેટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્રીજા તબક્કાના રસીના ટ્રાયલનો ડેટા માનવ ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી માટે નેશનલ રેગ્યુલેટરી ઓથોરિટીને મોકલવામાં આવ્યા હતો જેને આજે આધિકારીક મંજૂરી મળી છે એટલેકે હવે આ રસી કોરોના સામેની લડતમાં નાક દ્વારા બૂસ્ટર ડોઝ તરીકે આપી શકાશે.

### પાઘડીને

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધર્મ પાળવાનો અધિકાર છે પરંતુ પ્રશ્ન એ છે કે શું આ અધિકાર નિર્ધારિત યુનિફોર્મની શાળામાં પણ લાગુ થઈ શકે છે. જે શાળામાં નિર્ધારિત ડ્રેસ હોય ત્યાં વિદ્યાર્થી હિજાબ પહેરી શકે?

એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) કેએમ નટરાજે કહ્યું હતું કે, આ મુદ્દો ખૂબ જ મર્યાદિત છે અને તે શૈક્ષણિક સંસ્થાઓમાં શિસ્ત સાથે સંબંધિત છે. તેના પર કોર્ટે તેને સવાલ પણ કર્યો હતો કે, જો કોઈ યુવતી હિજાબ પહેરે છે તો સ્કૂલમાં શિસ્તનું ઉલ્લંઘન કેવી રીતે થાય છે. તેના પર એએસજીએ કહ્યું હતું કે, પોતાની ધાર્મિક પ્રથા અથવા ધાર્મિક અધિકારની આડમાં કોઈ એવું ન કહી શકે કે હું આવું કરવા માટે હકદાર છું તેથી હું શાળાની શિસ્તનું ઉલ્લંઘન કરવા માંગુ છું.

ત્યારબાદ આ મુદ્દે કોર્ટે સુનાવણી બુધવાર પર મુલતવી રાખી હતી.

### પત્ર લખ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગઈ છે. સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો અને સર્કલ વિસ્તાર આસપાસ ઠેર ઠેર ફુટપાથમાં ભંગાણ જોવા મળે છે. તુટેલા વોક વે ના લીધે જોખમી સ્થિતિ સર્જાઈ છે. ત્રણ ચાર વર્ષ અગાઉ કોર્પોરેશન દ્વારા સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવામાં આવતા યોગ્ય માટી પુરાણના અભાવે વરસાદી દિવસોના અંતે આખી ફુટપાથ જ માટીમાં ગરકાવ થઈ ગઈ હોવાના વિકરાળ દ્રશ્યો પણ નગરજનો માટે આકર્ષણનુ કારણ બન્યા હતા જયારે છેલ્લા પાંચ વર્ષમાં એક યા બીજા કારણોસર ફુટપાથમાં સતત ભંગાણ થતુ રહ્યુ છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથના રીપેરીંગ માટે પણ જવાબદાર તંત્ર દ્વારા કોઈ આયોજન કરવામાં આવતુ નથી ગત વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી વોક વે ના કર્બિંગને કલર તેમજ કેટલાક ઠેકાણે ગાબડા પુરવામાં આવ્યા હતા. જયારે છેલ્લા કેટલાક સમયથી શહેરના સેકટરોમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. આ ઉપરાંત કોર્પોરેશન દ્વારા સર્કલ વિસ્તારમાં સી સી કેમેરા સહીતના કામો પણ હાથ ધરવામાં આવ્યા હતા જેના લીધે ઠેર ઠેર ફુટપાથમાં ભંગાણ થયુ હતુ. હાલ પણ પાણીની લાઈનના લીધે ખોદકામ બાદ ઠેર ઠેર ફુટપાથ તુટેલી હાલતમાં જોવા મળે છે. શહેરમાં ઉભા અને આડા માર્ગો આસપાસ તેમજ સેકટરોના એપ્રોચ માર્ગો સહીત સર્કલ વિસ્તારમાં ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. એકબાજુ ફુટપાથની સફાઈ પણ કરવામાં આવી નથી જેના લીધે વરસાદી દિવસોના અંતે ઘણાં ઠેકાણે ઘાસ તેમજ બિનજરૂરી વનસ્પિત પણ ઉગી નિકળી છે. શહેરમાં વર્ષ ૨૦૦૪ થી ફુટપાથ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી હતી જયારે ઘ- ૫ થી સર્કીટ હાઉસ તરફ જતા માર્ગ આસપાસ પ્રથમ તબક્કામાં ફુટપાથનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ ત્યારબાદ તબક્કાવાર અન્ય માર્ગો આસપાસ ફુટપાથની આભા નિખારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ હાલની સ્થિતિએ ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વોકીંગ કરનારાઓ પણ ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. સ્માર્ટ સીટીની ફુટપાથ ચિથરેહાલ છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી ફુટપાથમાં છેલ્લા કેટલાક સમયથી ભંગાણ માટે જવાબદાર પાણી પુરવઠા બોર્ડ તેમજ કોર્પોરેશનના તંત્રને પત્ર લખી તુટેલી ફુટપાથનુ રીપેરીંગ હાથ ધરવા માટે પણ જણાંવ્યુ છે. જો કે હજુ સુધી કોર્પોરેશન કક્ષાએથી કે બોર્ડ દ્વારા વોક વે ની દશા સુધારવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી.

### નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમિટનુ આયોજન પડતુ મુકાતા સર્કલોની કામગીરી પણ થઈ ન હતી. જયારે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. બીજીતરફ હવે વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરાશે ત્યારે માર્ગ વચાળે સર્કલોને કંગાળ દશામાંથી ઉગારવા માટે તંત્ર દ્વારા વિવિધ ૧૭ સર્કલોને અનુલક્ષી ૧૦ જેટલી સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે. જેના અંતે આગામી દિવાળી પુર્વે સર્કલોની જાળવણીનુ કામ પણ પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે હાલ માર્ગ વચાળે સ્થિત સર્કલોની સાથે સેન્ટ્રલ વર્જની હાલત પણ અત્યંત કંગાળ જોવા મળી રહી છે. વરસાદી દિવસોના અંતે સેન્ટ્રલ વર્જની પણ યોગ્ય સફાઈ કરવામા આવતી નથી જેના લીધે હાલ માર્ગ ક્રોસ કરતી વેળાએ વાહનચાલકોને વિઝન મળતુ નથી આ જોખમી સ્થિતિ નિવારવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેન્ટ્લ વર્જમાં પણ ઠેર ઠેર ભંગાણ જોવા મળી રહ્યુ છે. સેન્ટ્લ વર્જ અને વન આરક્ષિત વિસ્તારની સફાઈ પણ ત્વરિત કરવામાં આવે તે અનિવાર્ય છે.

### એમ પણ બને !

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મેડિટેશન અથવા બધું ત્યજી કોઈ આશ્રમ તરફ પ્રયાણ કરવાનું ઈચ્છે છે. તો પામવા સાથે પચાવવું, ટકાવવું, અને જાળવી રાખવા પર પણ શિક્ષણમાં અભ્યાસક્રમમાં હોવું જોઈએ. આપણને જિંદગી રોજ એક પાઠ ભણાવે છે.પણ આપણને એ લેશન મોડા ગળે ઉતરે છે. ચાલો ને આટલા સમયના અંતરાલ બાદ આપણે કંઈક નવું કરીએ.

સકારાત્મક અને જિંદગી જીવવાના સાચા માર્ગદર્શન હેઠળ આપણા બાળકોને વગર ટેન્શને હળવાશથી ભણાવીએ. જીવનનો મર્મ, સંઘર્ષ શા માટે? અને મંજિલ સુધી પહોંચવાના કારણો(અમુક વાર મમ્મી પપ્પાનું ડ્રીમ છે એ કારણ હોય છે,)પ્રયત્નો અને સફળતા પામ્યા પછી શું કરવું એના લેશન અભ્યાસક્રમમાં આવવા જોઈએ.

કોવીડ સમય દરમિયાન કેટલાયે લોકો બેકાર થઈ ગયા, બિઝનેસ, નોકરી ઘણું ગુમાવ્યું. પણ એક વસ્તુ પામ્યા, ઘરના સભ્યો સાથે રહેતા થયા, પોતાના મમ્મી, પત્નિ આખો દિવસ શું કરે છે? એ મેનેજમેન્ટ શીખ્યા,એક મિનિટનો પણ સમય નથી એવું કહેનારા બાળકો સાથે ગેમ રમતા થયા. રસોઈ શીખ્યા, એકબીજાને જાણતા થયા.

કુદરતે એક બ્રેક આપી હતી આપણને એ સમજવવા કે માણસ તું ઘણું ભાગ્યો હવે હેઠો બેસ. પણ વળી પાછા આપણે સૌ ભાગ દોડ. કરવા લાગ્યાં અને બાળકો ને ભણતરના બોઝ આપીને ચાલી નીકળ્યા . લક્ઝીરિયસ ચાર દીવાલો મેળવવા આપણે ઊંચું નથી જોયું એમાં રહી જો અને સાચો આનંદ પણ ક્યાં માણી શકીએ છીએ. આપણે ભાગવામાં જ માનતા આવ્યા છીએ , શાંતિ થી બેસવામાં નહીં. જો શાંતિ થી બેસવાથી કંઈ જ હસ્લી નાં થતું હોત તો પ્રાર્થના, પૂજા કે સાધના બેઠાં બેઠાં ના થાત. બઆપણને સૌને સાચા શિક્ષણનો ખોરાક મેળવવાની જરૂર છે , સમજીએ વિચારીએ કે આખરે મનુષ્યને જોઈએ છે શું? માણસ સાચા જીવનનો અર્થ સમજી શકશે એટલો શિક્ષિત થાય અને જ્ઞાન અને વિદ્યાનું ખરું મહત્વ શિક્ષણ દ્વારા જાણી શકીએ એ દિવસ ની રાહ જોઈએ આપણે સૌ શિક્ષિત માણસો.

હેૃપી ટીચર્સ ડે.